# વાયડામિત્ર

વર્ષ : ૧૦૩ મે - ૨૦૨૫ અંક : ૫
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)
R.N.I No.: 6316/57

## વાયડ વિશેષાંક



ચૈત્ર સુદ ૫



ચૈત્ર સુદ ૬



ચૈત્ર સુદ ૭



ચૈત્ર સુદ ૮

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES







**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi, M.G.Road,
Ghatkopar (East), Mumbai - 400 077 E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર


પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**મે ૨૦૨૫, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૩, અંક-૫**


## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in


### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |



**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી–૬૦૨, વિશ્નુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા–જગતપુર રોડ,

અમદાવાદ – ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે,

પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭ Mobile : ૯૪૨૭૯૫૪૯૬૮ (What's app only) (સાંજે ૭.૦૦ પછી)

ઈ–મેઈલ : hnparikh98@gmail.com


**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/–વાર્ષિક(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂ. ૫૦૦૧/–

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.

ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY

## વંદે વાયડ માતરમ્



વાયડને ક્યા ખૂણેથી જોઈશું ? હકીકતમાં વાયડને સમગ્ર રીતે જોઈ શકાય એવો કોઈ ખૂણો જ નથી. વાયડને જોવા માટે વિશાળ દૃષ્ટિ જોઈએ અને મનને ખુલ્લું રાખવું પડે. વાયડને જાણવા અને સમજવા માટે જિજ્ઞાસાવૃતિ કેળવવી પડે. એક વાર જિજ્ઞાસા જન્મે એટલે જાણકારી આપોઆપ મળતી રહે.

ભાગ્યે જ કોઈને ખબર હશે કે વાયડની વાવનું નામ 'સંજીવની વાવ' છે. જે વાયડમાં છે તે બીજે ક્યાંય નથી. વાયડની 'સંજીવની વાવ' નિહાળીને આપણા જ્ઞાતિજનો અને માતાજીના ભક્તો અભિભૂત થઈ જાય છે. ૧૯૯૪માં પ્રતિષ્ઠા દરમિયાન ઇંગ્લેન્ડની જિલિયસ લિન્ડા તેમના એક પ્રોજેક્ટ 'ગુજરાતના શિલ્પો અને સ્થાપત્યો' માટે વાયડ આવ્યા હતાં ત્યારે આ લખનારને મળ્યા હતા. ૨૦૧૭માં ઓસ્ટ્રેલિયાના સાયમન જોન્સ વાયડની મુલાકાતે આવ્યા હતા તેમજ પાટણની કલેક્ટર કચેરીમાં કાર્યરત રમેશભાઈ કંસારા વાયડની વાવના સઘન અભ્યાસ માટે વાયડ આવ્યા હતા.

વાયડમાં કેન્દ્રસ્થાને શ્રી સમીરી કામદાદેવીનું મંદિર છે. તમે વાવમાં બાવીસ પગથિયા ઉતરીને માતાજીના ભાવપૂર્વક દર્શન કર્યા? જો હા, તો જવાબ આપો– માતાજીએ કયા શૃંગાર ધારણ કર્યા હતાં? જવાબ – માતાજીના મસ્તક પર ચૂંડામણિ–બોર ટીકો, નાથમાં નથણી, કાનમાં વાળી–ઝુમ્મર, ગળામાં મંગળસૂત્ર, હાથમાં બાજુબંધ અને કંગન, પંજા પર પોંચી, આંગળી પર વીંટી અને પગમાં પાયલ. માતાજીના શૃંગાર સહિતના દર્શન તેમની ભવ્યતામાં વધારો કરે છે પણ સાંજના શૃંગારવિહીન દર્શન પણ અદ્ભુત હોય છે. માતાજીનું સમગ્ર સ્વરૂપ સાંજના સમયે જોઈ શકાય છે. તે સમયે તેમનું વાહન વૃષભ પણ ન હોય અને સહજતાથી–સરળતાથી ભક્તોને આશિર્વાદ આપતી મુદ્રામાં માતાજીના દર્શન સાચે જ રમણીય હોય છે.

ચૈત્ર સુદ ૬ ના રોજ માતાજીના ચહેરા પર વિચાર અને વિસ્મયના ભાવ પ્રગટ થતા હતા. માતાજી શું વિચારતાં હશે? અને તેમને શેનું વિસ્મય હશે? ધ્યાનથી નિહાળીએ તો માતાજીના ભાવમાં દરરોજ ફેરફાર થતો હતો. સવારે પૂજા થયા બાદ અને સાંજે પૂજન સુધી જ માતાજી સાથે તેમનું વાહન વૃષભ હોય

છે. રાત્રે વાહન હોતું નથી. મંદિરમાં સામેની દિવાલ પર અરીસો છે જેમાં માતાજીનું સુંદર પ્રતિબિંબ પડે છે.

મંદિરનું ગર્ભગૃહ ભવ્ય છે. ચાંદીનો મોટો દરવાજો બનાવેલ છે જેથી ભક્તો સરળતાથી દર્શન કરી શકે છે. મોગરાના ફૂલોના હારથી મંદિર શોભાયમાન લાગતું હતું. વળી ચૈત્ર સુદ–૬ના દિવસે મોગરાની કળીનો બંગલો (ફૂલમંડળી) ધરાવવામાં આવ્યો હતો જે કચ્છની બહેનોએ બનાવ્યો હતો. માતાજીના મસ્તક પર દરરોજ જુદા જુદા આકારના સોનાના વરખવાળા ચાંદીના મુગટ/હીરાનું છત્ર/ મોતીના મુગટ શોભતા હતા. ખાસ કરીને ચૈત્ર નવરાત્રિ દરમ્યાન દરરોજ અલગ અલગ મુગટ ધરાવવામાં આવે છે જે બધા ભક્તોએ ભેટ આપેલા છે (જુઓ, ટાઈટલ ફોટો)

માતાજીને ૩૬૫ દિવસ તદ્દન નવા વાઘા (સાડીઓ) ધરાવવામાં આવે છે. એક પણ સાડી પુનરાવર્તિત થતી નથી. ત્યાર બાદ ચૈત્ર સુદ ૭ ના દિવસે માતાજીને ધરાયેલી સાડીઓ પ્રસાદીરૂપે આપવામાં આવે છે.

ગર્ભગૃહમાં તમે ધ્યાનપૂર્વક નજર કરી? માતાજીની જમણી બાજુ હનુમાનજી બિરાજે છે જ્યારે ડાબી બાજુ ઉપસેલા આકારવાળુ ૪ર કિલો વજન ધરાવતું પર્વત આકારનું મેરુપૃષ્ઠ શ્રીયંત્ર બિરાજે છે. ડાબી બાજુના ગવાક્ષ(ગોખ)માં આપણા આદિપુરુષ વાડવાદિત્ય ઋષિ બિરાજે છે જેમના દર્શન અવશ્ય કરવા જોઈએ. માતાજીની ડાબી બાજુ દિવાલ પાસે ચાંદીની સુખશય્યા (શયન શય્યા) છે જેમાં રોજ રાત્રે માતાજીની પ્રતિકૃતિરૂપ પાદુકાને પોઢાડવામાં આવે છે. વાવનો દરવાજો ઉત્તર દિશા તરફ છે. માતાજી પૂર્વાભિમુખ છે અને હનુમાનજી ઉત્તરાભિમુખ છે. ભક્તો પશ્ચિમ દિશા તરફ માતાજીના દર્શન કરે છે. વાસ્તુશાસ્ત્રની દષ્ટિએ આ અત્યંત શુભ માનવામાં આવે છે.

આ વર્ષે મંદિરમાં સમીરી કામદાદેવીના મહામંત્રનું બેનર લગાવવામાં આવ્યું છે જેથી માતાજીની સ્તુતિ કરી શકાય. મંદિર ૧૦૮ વર્ષ જૂનું છે. (સ્થાપના ૧૯૧૭) પરંતુ નિત્ય નૂતન લાગે છે.

વાવમાં રંગમાં ભંગ પડે એવું દશ્ય કયું ? વાવમાં પગથિયા ઉતરતાં અખંડ દીવા પાછળથી વાવમાં ડોકીયું કરીએ તો ભેંકાર અને ખાલીખમ વાવ નિરાશા ઉત્પન્ન કરે છે. વાવ બિસ્માર હાલતમાં છે. ઠેર ઠેર પોપડાં ઉખડી ગયાં છે. સમારકામની તાત્કાલિક આવશ્યકતા છે. ઉપરાંત દર વર્ષ સંઘ પહેલા વાવની

સફાઈ અવશ્ય કરાવવી જોઈએ. ગંદકીને કારણે નાકનું ટેરવું ઉંચુ ચઢે છે.

વાવમાં શિલ્પો કોતરેલ છે તે તમે નિહાળ્યા ? વાવની અંદર અધકાસુર વધ, સપ્ત માતૃકાઓ તેમ જ દિક્પાલોનો એક પટ્ટ અને સચરાચરમાં વ્યાપ્ત તત્વોનો પટ્ટ ભીંતમાં ચોંડેલો છે.

આ વર્ષે વાયડમાં આકર્ષણ શું હતું ? ચૈત્ર સુદ ૫ ના રોજ રાત્રે ભક્તિસંગીતનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહ્યાં હતા. આ વર્ષે પ્રથમ વાર પાંચમના રોજ વધુ સંખ્યામાં જ્ઞાતિજનો વાયડ આવ્યા હતા. પાટણના કમલેશભાઈ અને તેમની ટીમે કૃષ્ણભજનો ગાઈને શ્રોતાઓને રસતરબોળ કરી દીધા હતા. સૂર, લય અને તાલના સથવારે શ્રોતાઓ ઝૂમી ઉઠ્યા હતા. તેજસભાઈ મજમુદારનું એન્કરીંગ સુંદર હતું. જ્ઞાતિના રમેન્દ્રભાઈ પરીખના અવસાનને કારણે રાસગરબાનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો.

ચૈત્ર સુદ ૬ ના રોજ સવારે ૧૦-૩૦ વાગે રસોડાના પાછળના ભાગમાં શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ અને વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાના ઉપક્રમે વાયડ રસોડા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, વાયડ સંસ્થાનના ટ્રસ્ટીઓ, રસોડામાં પીરસવાની સેવા આપનાર કાર્યકર્તાઓ તેમજ સ્થાનિક મહિલા મંડળના પ્રતિનિધિઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

પૂજારી તરીકે પરેશભાઈ, અલ્પેશભાઈ અને દિલીપભાઈની સેવાઓ અદ્વિતીય છે. તેઓએ ભાવથી અને પ્રેમથી કેસરસ્નાન સહિત માતાજીની પૂજાવિધિ કરાવી હતી. પાટણની ધર્મશાળામાં દરેક ચોકીઓમાં શ્રીનાથજી, શ્રીયમુનાજી અને શ્રી મહાપ્રભુજીના ચિત્રજી લગાવ્યા હતા, જે નયનરમ્ય હતા. પાટણની ધર્મશાળાની બહારની દિવાલ પર વાયડના ઇતિહાસ અને પરંપરાને ઉજાગર કરતાં લખાણના બે બોર્ડ લગાવ્યા હતા જેને વાંચીને જ્ઞાતિજનોએ વાયડના ઇતિહાસની માહિતી મેળવી હતી.

ઘણા જ્ઞાતિજનોએ પાટણમાં આવેલા દ્વારિકાધીશજી મંદિરમાં દર્શન કર્યા હતા. આ ઉપરાંત કેટલાક જ્ઞાતિજનોએ પાટણમાં વાયુદેવતાની પોળમાં આવેલા વાયુદેવતાજી મંદિરમાં દર્શન કર્યા હતા. સોળમાં સૈકાનું અષ્ટધાતુમય સુવર્ણસમાન ચતુર્ભુજ વાયુદેવતાજીનું સ્વરૂપ પ્રભાવશાળી છે. તેમની બાજુમાં આપણા કુળદેવી બિરાજે છે.

રસોઈનું સુંદર આયોજન શ્રી ચેતનભાઈ, શ્રી દિગીશભાઈ, શ્રી ધિરેનભાઈ

અને શ્રી દિગંતભાઈની ટીમે કર્યું હતું. પ્રસાદ માટે સવાર–સાંજ દરરોજ જુદા જુદા રંગના ટોકન આપવામાં આવ્યા હતા. આ માટેનું આયોજન શ્રી રાજુભાઈ શાહે કર્યું હતું. તેમના કહેવા પ્રમાણે ચૈત્ર સુદ ૬ ને સવારે ૬૭૦ જ્ઞાતિજનોએ અને સાંજે ૭૭૫ જ્ઞાતિજનોએ પ્રસાદ લીધો હતો. સંઘ દરમ્યાન પાંચ દિવસમાં લગભગ ૨૯૦૦ જ્ઞાતિજનોએ પ્રસાદ લીધો હતો.

હવનનો લાભ રૂ. ૨૫,૦૦૦/–ની ન્યોછાવરમાં શ્રી પંક્તિભાઈ ભરતભાઈ પરીખે (પાટણ) મેળવ્યો હતો. જ્યારે ચૈત્ર સુદ ૬ ની આરતીનો લાભ રૂા. ૧,૩૨,૦૦૦/– ની ન્યોછાવરમાં શ્રી બંદિશભાઈ અરૂણભાઈ શાહે (વડોદરા) મેળવ્યો હતો. વરઘોડા અને હવનના ઉત્સવો ધામધૂમથી પરંપરાગત રીતે ઉજવાયા હતાં. વરઘોડા બાદ રાવણું યોજાયું હતું જેમાં ગામના આગેવાનો અને જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. ચૈત્ર સુદ ૭ ના દિવસે વાયડ ગામમાં આવેલા જોગમાયા મંદિરમાં હવન તેમજ વરઘોડાનું આયોજન થયું હતું.

વડોદરાની ધર્મશાળા પાસે કિરણભાઈ શાહે વાયડ ગામના બાળકો માટે સંગીત ખુરશી, કોથળા દોડ અને અન્ય રમતોનું આયોજન કર્યું હતું. બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતાં. ઉપરાંત ગ્રામવાસીઓ માટે મૂવી (ફિલ્મ) જોવાનું આયોજન પણ કર્યું હતું તેમ જ પાટણની ધર્મશાળામાં પણ રમત–ગમતનું આયોજન થયુ હતું.

વાયડની શાળામાં અભ્યાસ કરતા તમામ ૫૦૦ વિદ્યાર્થીઓને બંદિશભાઈ અરૂણભાઈ શાહ તરફથી દરેકને ૬ નોટબુક એટલે કે કુલ ૩૦૦૦ નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મુંબઈના મહેશચંદ્ર પરીખ તરફથી છેલ્લા ત્રણ વર્ષથી ધોરણ ૮ માં પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ તેમજ બાલમંદિર અને ધોરણ ૧ થી ૭માં પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને રોકડ ઈનામ (કેશ પ્રાઈઝ) આપવામાં આવે છે. શાળાને અગ્રક્રમે રાખવામાં આચાર્ય દીપેનભાઈ પરમાર અને સહાયક શિક્ષક બાબુભાઈ રબારીનો ફાળો નોંધનીય છે.

વાયડ સંસ્થાન, વાયડ રસોડા ટ્રસ્ટ તેમ જ અન્ય સ્થાનિક જ્ઞાતિઓની મિટીંગ મળી હતી. આ ઉપરાંત વાયડા વણિક સેવા ટ્રસ્ટના ECMની મિટિંગ મળી હતી. જેમાં ૨૮ સભ્યો હાજર રહ્યા હતાં. આ મિટિંગમાં મેડિકલ તેમજ એજ્યુકેશન ક્ષેત્રે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

વાયડ ગામ, વાયડની વાવ, વાયડ માતા, વાયુદેવતાજી વગેરેના ઇતિહાસનું

બી. શૈલેશકુમાર એન્ડ કું (વડોદરા) ના સૌજન્યથી

Documentation કરી એક વિડીઓ બનાવવો જોઈએ જેથી આપણી ધરોહર/આપણો ઇતિહાસ સચવાઈ રહે. આ કામ આપણી જ્ઞાતિના ગુજરાતી ફિલ્મોના નિર્માતા વૈશલભાઈ શાહ કરી શકે તેમ છે. તેમણે સુંદર રીતે આનું નિર્માણ કરવાની સંમતિ પણ આપી છે.

એક રસપ્રદ વાત – વાયડનો અંગ્રેજી સ્પેલિંગ VAYAD છે પરંતુ તાજેતરમાં નવા બનેલા રેલ્વે સ્ટેશનનું નામ WAYAD છે. સ્ટેશન માસ્તર મુકેશકુમાર મીનાને આની ખબર નથી. અંગ્રેજી ઉચ્ચારો તેમ જ સ્વર વ્યંજનના ભેદને કારણે WAYAD થયું હોવું જોઈએ. PHONETICS પ્રમાણે ઉચ્ચાર પહોળો હોય તો W અને ઉચ્ચાર સાંકડો હોય તો V આવે છે.

આપણી વાયડા વણિક એક માત્ર જ્ઞાતિ છે જ્યાં લક્ષ્મી અને સરસ્વતીનું પ્રમાણ લગભગ સરખું છે. અન્ય જ્ઞાતિઓમાં આ પ્રમાણમાં ઘણો મોટો ભેદ છે.

વાયડ શું છે ? વાયડ એ કોઈ સ્થળ નથી. વાયડ એક લાગણીનું નામ છે. અહેસાસ–અભિલાષા અને અહોભાવનું નામ છે. હૃદયથી છલકાતા ભાવનું નામ છે. આપણી અનેક પેઢીઓએ પોતાના પરિશ્રમથી વાયડને સીંચ્યુ છે એ ભુલવું ન જોઈએ. આપણા મહાપુરુષો પ્રત્યે આપણે અહોભાવ કેળવવો જોઈએ.

વાયડ આપણને જોડતી કડી છે. આ કડીને આપણે જાળવવાની છે. અનેક વર્ષોથી વાયડ આપણી ભવ્ય પરંપરાને ઉજાગર કરતું સ્થાન છે.

મળતી માહિતી પ્રમાણે આવતા વર્ષે ચૈત્ર સુદ ૪ ને ૨૨ માર્ચ, ૨૦૨૬ રવિવારથી ચૈત્ર સુદ ૮ને ૨૬ માર્ચ, ૨૦૨૬ ગુરુવાર દરમ્યાન વાયડ સંઘ યોજાશે. હવન ચૈત્ર સુદ ૬ ૨૪ માર્ચ, ૨૦૨૬ મંગળવારના રોજ યોજાશે. આવતા વર્ષે અધિક (પુરુષોત્તમ) માસ હોવાથી સંઘ વહેલા યોજાશે. આમ ૨૦૨૫–૨૬ના વર્ષમાં બે વાર સંઘ યોજાશે.

જ્ઞાતિજનો, વાયડ સંઘના સંભારણાને યાદ કરી વર્ષભરનો આનંદ મેળવવા ફરી એક વાર તૈયાર થઈ જજો.

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૭૭૮૯૦**

'દૃષ્ટિ આઈ ક્લિનિક' – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# આપણું વાયડ : વાયડને જાણીએ, પરંપરાને જાળવીએ

આપણી જ્ઞાતિ અને વાયડની ગૌરવવંતી પરંપરાને જીવંત રાખવા અને જ્ઞાતિ પ્રથાને અવિરત વેગ આપવા સૌ જ્ઞાતિજનોને, મુખ્યત્વે આપણી આજની અને આવતીકાલની પેઢીને, જ્ઞાતિ અને વાયડ વિષેની માહિતીથી અવગત કરવા મહત્વનો પ્રયાસ કરવામાં આવ્યો. આ દૂરગામી સકારાત્મક ઉદ્દેશને સિદ્ધ કરવા આપણી જ્ઞાતિની ઉત્પત્તિ, આપણા કુળદેવતા, આપણું મૂળ અને વાયડ વિષેની નોંધપાત્ર માહિતીઓની ઊંડાણપૂર્વક જાણકારી મેળવી. “વાયુપુરાણ” નામક પુસ્તકમાંથી જ્ઞાતિ વિષયક જાણકારી એકત્ર કરી આધારભૂત માહિતીઓની સંપૂર્ણ ચકાસણી કરી વાયડસંઘ દરમ્યાન નિજ મંદિર અને વાવના પ્રવેશદ્વાર પાસેની દીવાલ પર “આપણું વાયડ–વાયડને જાણીએ, પરંપરાને જાળવીએ” સૂત્રથી ઐતિહાસિક વિષયના આલેખન દ્વારા જ્ઞાતિજનો સમક્ષ નવીન માધ્યમ થકી પ્રદર્શિત કરવામાં આવી જેથી સૌ જ્ઞાતિજનો સરળતાથી નિહાળી અને વાંચી શકે. સમસ્ત જ્ઞાતિજનોના માહિતી સ્ત્રોત તરીકે “વાયડામિત્ર”ના અંકમાં આ લેખને ચિત્રસ્વરૂપે પણ પ્રદર્શિત કરવામાં આવી છે. હાલમાં આ માહિતીને અમદાવાદ ખાતે આવેલ શ્રી વાયુદેવતાજી મંદિરે મુકવામાં આવેલ છે સૌ જ્ઞાતિજનો તેની નોંધ લેશો અને જ્ઞાતિના નવયુવાનોને જ્ઞાતિ વિષે માહિતગાર કરશો એવી અપેક્ષા રાખવામાં આવે છે.

## આપણા કુળદેવતા

આપણી જ્ઞાતિની ઉત્પત્તિ, પ્રાચીનકાળ અને હાલના વાયડ ગામની જાણકારી વાયુપુરાણ નામના જ્ઞાતિપુરાણની રચનામાંથી મેળવી શકાય છે. વેદવ્યાસરચિત અઢાર મહાપુરાણમાંના વાયુપુરાણથી આ પુરાણ ભિન્ન છે. વાયુપુરાણમાં જણાવ્યા મુજબ વાયડા જ્ઞાતિનો સંબંધ શ્રી વાયુદેવતાજી સાથે છે. શ્રી વાયુદેવતાજી આપણી જ્ઞાતિના કુળદેવતા છે. શ્રી વાયુદેવતાજી વાયવ્ય ખૂણાના દિક્પાલ છે. શ્રી વાયુદેવતાજી ચતુર્ભુજ સ્વરૂપે ધ્વજ, દંડ, વરદ અને કમંડળ ધારણ કરે છે. શ્રી વાયુદેવતાજીનું શસ્ત્ર ધ્વજ છે અને વાહન હરણ છે. ગીતાજીમાં શ્રી વાયુદેવતાજીને સર્વત્રગો મહાન, સર્વવ્યાપી, સર્વદેશીય તરીકે સંબોધ્યા છે. દિતિમાતાના પુત્ર શ્રી વાયુદેવતાજી હનુમાનજીના પિતા છે. સ્કંધપુરાણમાં શ્રી વાયુદેવતાજીની ઉત્પત્તિના

સ્થાન તરીકે બાલમંડન તીર્થ (હાલનું વાયડ) જણાવ્યું છે.

## આપણું મૂળ

આપણી જ્ઞાતિના કુળદેવતા શ્રી વાયુદેવતાજીના આધારે ગામનું નામ વાયડ થયું. મૂળ શબ્દ વાયટ હતો. વાય એટલે વાયુ અને અટ એટલે સ્થિરતા. વાયુ સ્થિર થયા હોવાથી વાયટ કહેવાયું જે આજે વાયડ નામે પ્રચલિત છે. શ્રી વાયુદેવતાજીની સેવા માટે ઉત્પન્ન થયા હોવાથી આપણે વાયડા કહેવાયા. બ્રહ્માજીના આદેશથી અત્રિઋષિના માનસ પુત્ર વાડવાદિત્ય ઋષિ દ્વારા વાયડા વૈશ્યની સૃષ્ટિ ઉત્પન્ન થઈ હતી જે કારણે વાડવાદિત્ય ઋષિ આપણા મૂળપુરુષ છે. આપણા પૂર્વજો મૂળ વાયડ ગામના વતની હતાં. સોળમી સદીની આસપાસ તેઓ અન્ય સ્થળે જઈને વસ્યા. વાયડ ગામથી સ્થળાંતર કરેલ આપણા પૂર્વજોનો સમૂહ અને તેની પેઢીઓ એટલે આપણો આજનો વાયડા સમાજ. આ રીતે વાયડ આપણું મૂળ ગામ.

## વાયડની વાવ

વાયડની ઐતિહાસિક વાવની સ્થાપના બારમી સદીમાં થઈ હોવાનું મનાય છે. વાવની રચના શૈવ્ય કળા પર આધારિત છે. વાવમાં સાત માળ છે. વાયુપુરાણમાં વાવના આધિદૈવિક સ્વરૂપને જ કુળદેવી તરીકે પૂજવાનો નિર્દેશ કરેલ છે. વાવમાં નીચેના ભાગે ગોખમાં માતાજીનું સ્થાન છે. વર્ષો સુધી ગોખમાં માતાજીના સ્વરૂપની વાયડ માતા તરીકે પૂજા અર્ચના થતી. આજે ગોખમાં અખંડ જ્યોતિ પ્રજ્વલિત છે. વાવમાં અખંડજ્યોત પાસે શ્રીયમુનાષ્ટક, શ્રી શક્તિસુક્તમ, કૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, નવરત્ન, સિદ્ધાંત રહસ્ય, સર્વોત્તમસ્તોત્રના પાઠ લખેલા છે સાથે શ્રી રાધાકૃષ્ણ અને શ્રી રાસલીલાનાં ચિત્રજી પણ લગાવેલ છે.

## મંદિર

વાવમાં માતાજીના મંદિરનું નિર્માણ મુંબઈના શેઠ શ્રી અંબાલાલ નાગરદાસ આબુવાળાએ કર્યું હતું. માતાજીના સ્વરૂપનું નિર્માણ અને શાસ્ત્રોક્ત પ્રાણપ્રતિષ્ઠા વર્ષ ૧૯૧૭માં મહા સુદ અગિયારસના દિવસે કરવામાં આવી હતી. મંદિરની આસપાસ શંકર, ભૈરવ અને ક્ષેત્રપાલની અર્વાચીન સમયની દેરીઓ છે. વાયડ નિજ મંદિરમાં વર્ષ ૧૯૩૦, ૧૯૫૯, ૧૯૯૪ અને ૨૦૧૯માં પુનઃપ્રાણપ્રતિષ્ઠા કરવામાં

આવી હતી.

## માતાજીનું સ્વરૂપ

મંદિરના નિર્માણ સમયે પાટણના શિલ્પશાસ્ત્રી શિવલાલ ઉગરચંદે માતાજીની સંગેમરમરની પ્રતિમા તૈયાર કરાવી હતી ગામના લોકો વાયડ માતાને સમોર માતા કહેતા અને શિલ્પશાસ્ત્રમાં એક દેવીનું નામ સમીરી કામદા દેવી હોવાથી આ નામે વાયડ માતાની પ્રતિષ્ઠા કરી હતી. પ્રતિમા પાસે શ્રીયંત્ર સ્થાપિત છે. ચતુર્ભુજ સ્વરૂપ ધરાવતા માતાજી વૃષભ પર બિરાજે છે. જમણા હસ્તે ઉપર વીણા, વામ હસ્તે ઉપર ત્રિશુલ, વામ હસ્તે નીચે દંડ ધારણ કરે છે. જમણા હસ્તે માતાજી આશીર્વાદ અર્પણ કરે છે.

## તિથિ મહાત્મય

વાયુપુરાણમાં અધ્યાય પાંચ (શ્લોક ૬૧ થી ૬૫)માં જણાવ્યા પ્રમાણે વિશ્વકર્માએ દિતિપુત્ર શ્રી વાયુદેવને સ્નાન કરાવી અને અલંકાર પહેરાવી ભાદરવા સુદ છઠ્ઠના દિવસે વૈશ્યોને સેવા માટે અર્પણ કર્યા હતા તેથી તે તિથિ સંસ્નાયીની કહેવાઈ. ત્યાર બાદ ચૈત્ર સુદ છઠ્ઠના દિવસે શ્રી વાયુદેવને દોલમાં (પારણામાં) પધરાવવામાં આવ્યા હતા તેથી તે તિથિ વિદોલિની માનવામાં આવી. આ બંને તિથિઓએ વાયડમાં હવનવિધિ અને પૂજા અર્ચના કરી શ્રી વાયુદેવતાજીનો ઉત્સવ મનાવવાનું વિધાન છે. વાયુપુરાણમાં ચૈત્ર સુદ છઠ્ઠના દિવસે દોલોત્સવ કરવાનું જણાવ્યું છે. ચૈત્ર સુદ છઠ્ઠના દિવસે શ્રી યમુના મહારાણીજીનો પણ પ્રાગટ્ય દિવસ છે જે આપણા વૈષ્ણવો માટે અદ્‌ભુત સમન્વય છે.

## વાયડ સંઘ

દર વર્ષે ચૈત્ર સુદ ચોથ થી ચૈત્ર સુદ આઠમ તિથિ દરમિયાન વાયડ ખાતે સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોનો સંઘ યોજવામાં આવે છે. સંઘ દરમિયાન જુદા જુદા શહેરો અને ગામોમાંથી સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો વાયડ આવીને સમૂહમાં રહે છે અને શ્રી વાયડમાંની દિવ્ય આરાધાના સાથે પૂજા-અર્ચના-હવન કરે છે. એવું જાણવા મળે છે આશરે વર્ષ ૧૮૫૨ થી આ પ્રણાલી અવિરત ચાલુ છે. સંઘ દરમિયાન ચૈત્ર સુદ છઠ્ઠના દિવસે હવનનું અને ચૈત્ર સુદ આઠમના દિવસે

વરઘોડાનું વિશેષ મહત્વ છે. સંઘમાં પાટણ શહેરથી વાયડ ગામ ચાલતા આવવાની પણ એક ભાવના છે.

## વ્યવસ્થા

વાયડ ખાતે સંઘ દરમિયાન સમસ્ત જ્ઞાતિજનોને રહેવાની સગવડતા માટે ધર્મશાળા અને ભોજન માટે રસોઈ ખંડની વ્યવસ્થાનું નિર્માણ કરેલ છે. વાયડમાં સઘળી સવલતોનું સંચાલન વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા દ્વારા કરવામાં આવે છે જેની રચના વર્ષ ૧૯૦૫માં કરવામાં આવી હતી એવું જાણવા મળે છે જ્યારે કાયદાકીય નોંધણી વર્ષ ૧૯૫૩માં કરવામાં આવી હતી. વાયડ સંઘ દરમિયાન ભોજનની વ્યવસ્થા શ્રી સમીરી કામદાદેવી ચૈત્ર સુદ ૬ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે જેની સ્થાપના વર્ષ ૧૯૮૧માં કરવામાં આવી હતી. વર્ષોથી બંને સંસ્થા દ્વારા સુવ્યવસ્થિત અને કુશળ વહીવટ કરવામાં આવે છે. જેથી સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને વાયડમાં સુખદ અનુભવ થાય છે.

## આપણું અભિન્ન અંગ

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિને એક તાંતણે બાંધી રાખવા વાયડનું વિશેષ મહત્વ છે. વાયડ સંઘ દરમિયાન માતાજીના સાનિધ્યમાં અલૌકિક વાતાવરણમાં પાવન ભાવથી માતાજીની એક સાથે આરાધના કરી સમસ્ત જ્ઞાતિજનોનું જ્ઞાતિ ભાવનાથી એકમેક થઈને રહેવું, મોજ મસ્તી કરવી, જૂની યાદો તાજી કરવી, નવી સ્મૃતિઓ બનાવવાથી સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો ઘણી નિકટતાથી સંકળાયેલા રહ્યા છે. પરિણામે સમસ્ત જ્ઞાતિ પ્રથા મજબૂત રહી છે. વાયડ આપણી ગૌરવવંતી પરંપરા છે. વાયડની અનુભૂતિ અવિસ્મરણીય અને આહ્લાદક છે. તેથી વાયડ આપણું અભિન્ન અંગ છે.

માહિતી સહયોગ
હિમાંશુ શાહ, અમદાવાદ
મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦

વિચાર, માહિતી એકત્રીકરણ,
આલેખન અને પ્રસ્તુતિ
મેહુલ સુધીરભાઈ શાહ, અમદાવાદ
મો. ૯૬૦૧૯ ૮૭૮૮૪

## વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

## શ્રી વાયડ માતાજીની આરતી અને વરઘોડાની ઉછામણી

તારીખ : ૧-૪-૨૦૨૫ થી તારીખ : ૫-૪-૨૦૨૫

| નં. | નામ | ગામ | રકમ(રૂ) |
|---|---|---|---|
| ૧ | ચૈત્ર સુદી ૪ સાંજની આરતી | | |
| | જયપ્રકાશભાઈ કાંતીલાલ શાહ | દેત્રોજ અમદાવાદ | ૫૭૦૦ |
| ૨ | ચૈત્ર સુદી ૫ સવારની આરતી | | |
| | રાજેન્દ્રભાઈ કાંતીલાલ શાહ | ,, | ૫૧૦૦ |
| ૩ | ચૈત્ર સુદી ૫ સાંજની આરતી | | |
| | ભરતભાઈ અરવિંદભાઈ શાહ | મુંબઈ | ૨૪,૦૦૧ |
| ૪ | ચૈત્ર સુદી ૬ સવારની આરતી | | |
| | જતનભાઈ જયપ્રકાશભાઈ શાહ | દેત્રોજ | ૨૮,૦૦૧ |
| ૫ | ચૈત્ર સુદી ૬ સાંજની આરતી | | |
| | બંદીશભાઈ અરૂણભાઈ રંગવાળા | વડોદરા | ૧,૩૨,૦૦૦ |
| ૬ | ચૈત્ર સુદી ૭ સવારની આરતી | | |
| | કૌશિકભાઈ એમ. શાહ | ભુજ | ૮,૦૦૦ |
| ૭ | ચૈત્ર સુદી ૭ સાંજની આરતી | | |
| | બીપીનભાઈ અને જીતુભાઈ | મુંબઈ | ૧૪,૦૦૦ |
| ૮ | ચૈત્ર સુદી ૮ સવારની આરતી | | |
| | અમરતભાઈ મગનભાઈ પંચાલ | મડગડાણા | ૨૭,૦૦૦ |
| ૯ | ચૈત્ર સુદી ૬ ઉછામણીથી હવનમાં બેસવાના | | |
| | પંકીતભાઈ ભરતભાઈ પરીખ | અમદાવાદ | ૨૫,૦૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ચૈત્રસુદી ૬ ચીઠ્ઠીથી હવનમાં બેસવાના | | |
| | મયંકભાઈ જયકૃષ્ણભાઈ શાહ | વડોદરા | ૭,૫૦૦ |
| ૧૧ | ચૈત્ર સુદી ૬ ધ્વજાદંડ ચડાવવાના | | |
| | સ્વ. નવનીતલાલ છોટાલાલ શાહ | પેટલાદ | ૯,૦૦૦ |

## ચૈત્ર સુદી ૮ વરઘોડાની ઉછામણી

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી માતાજી પાસે ત્રિશુળ | | |
| | મૌનીતભાઈ મહેશભાઈ પંચાલ | સલ્લા | ૨,૦૦૧ |
| ૨ | શ્રી માતાજી પાસે ટોકરી (ઘંટડી) | | |
| | રોહીતભાઈ કાનજીદાસ પારેખ | પાટણ | ૫૦૧ |
| ૩ | શ્રી માતાજી પાસે નામણ દીવો | | |
| | ઈરાબેન મૌનિતભાઈ પંચાલ | સલ્લા | ૧,૧૦૧ |
| ૪ | શ્રી માતાજીની પાલખીનો પહેલો છેડો | | |
| | ઈરવ મોનિતભાઈ પંચાલ | સલ્લા | ૪,૫૦૧ |
| ૫ | શ્રી માતાજીની પાલખીનો બીજો છેડો | | |
| | જિગ્નેશકુમાર સોમાલાલ પંચાલ | વાગડોદ | ૧,૧૦૦ |
| ૬ | શ્રી માતાજીની પાલખીનો ત્રીજો છેડો | | |
| | પાર્થ કેશવલાલ પંચાલ | ચંદ્રુમણા | ૧.૧૦૦ |
| ૭ | શ્રી માતાજીની પાલખીનો ચોથો છેડો | | |
| | યોગેશભાઈ જે. પંચાલ | વાગડોદ | ૧,૧૦૦ |
| ૮ | શ્રી માતાજીને પાલખીમાં પધરાવાના | | |
| | હસમુખભાઈ નટવરલાલ પંચાલ | વાગડોદ | ૫૫,૦૦૦ |
| ૯ | શ્રી માતાજીની પાદુકા પાલખીમાં પધરાવાના | | |

| | | | |
|---|---|---|---|
| | આશાબેન ધીરેનભાઈ પારેખ | અમદાવાદ | ૨૨,૦૦૦ |
| ૧૦ | શ્રી માતાજીને ફુલનો હાર પહેરાવાના | | |
| | પંચાલ સુરજકુમાર વિનોદકુમાર | વીસલવાસણા | ૫,૦૦૦ |
| ૧૧ | શ્રી માતાજીને પોંખવાના | | |
| | આશાબેન ધીરેનભાઈ પારેખ | અમદાવાદ | ૩૫,૦૦૦ |
| ૧૨ | શ્રી માતાજીને મંદિરમાં પધરાવવાના | | |
| | આશાબેન ધીરેનભાઈ પારેખ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૧૩ | શ્રી માતાજીની પાલખી ઉપર છત્રી | | |
| | રોહિતભાઈ કાનજીભાઈ પારેખ | પાટણ | ૮,૧૦૦ |
| ૧૪ | શ્રી માતાજીની દૂધની ધારાવહી | | |
| | જયંતીલાલ મફતલાલ પંચાલ | વીસલવાસણા | ૮,૫૦૧ |
| ૧૫ | માતાજીની પાદુકાજી મંદિરમાં પધરાવવાના | | |
| | સુરેશભાઈ જોઈતારામ પંચાલ | વીસલવાસણા | ૪,૦૦૦ |
| ૧૬ | શ્રી માતાજીને જમણી બાજુ ચમ્મર, ડાબી બાજુ ચમ્મર, જમણી બાજુ છડી, ડાબી બાજુ છડી, જમણી બાજુ ગેંડો, ડાબી બાજુ ગેંડો, જમણી બાજુ પંખો, ડાબી બાજુ પંખો, શ્રી માતાજી પાસે આબદાગીરી | | |
| | સુરેશભાઈ જોઈતારામ પંચાલ | વીસલવાસણા | ૧૯૫૫ |
| ૧૭ | શ્રી માતાજીની જમણી બાજુ નિશાન, ડાબી બાજુ નિશાન, અબીલનો થાળ, ગુલાલનો થાળ, ફુલનો થાળ, ઘડીયાળ, ખસનો પંખો, ગુલાબદાની, અત્તરદાની, જમણી બાજુ ધુપીયું, ડાબી બાજુ ધુપીયું, દિવડા સાથે થાળ | | |
| | સુરેશભાઈ જોઈતારામ પંચાલ | વીસલવાસણા | ૨૨૧૨ |

વરઘોડાની કે માતાજીની આરતી ઉછામણીના પૈસા જેમના બાકી હોય તેમણે નીચેની બેંકની વિગત પ્રમાણે જમા કરાવી બેંકની સ્લીપ (મો.) ૯૮૨૪૬ ૬૭૩૨૩ (અજયભાઈ પરીખ)ને વોટ્સઅપ દ્વારા મોકલવા વિનંતી.

BANK OF INDIA - PATAN

VAYDA VANIK SHREE VAYAD SANSTHA

A/C NO. : 220210100005799 IFSC - BKID 0002202

## વાયડ સંસ્થાને મળેલ રોકડ ભેટ

| | | |
|---|---|---|
| ૧) | ૫,૦૦૦ | કોકીલાબેન પરમાનંદભાઈ પારેખ, પાટણ |
| ૨) | ૫,૦૦૦ | ધીરેનભાઈ કે. પરીખ, અમદાવાદ |
| ૩) | ૫,૦૦૦ | સ્વ. અરવિંદભાઈ બેંકર, સ્વ. ધર્મિષ્ઠાબેન બેંકર, વડોદરા |
| ૪) | ૫,૦૦૦ | પ્રતિકભાઈ બેંકર, પ્રતિક્ષાબેન બેંકર, વડોદરા |
| ૫) | ૫,૦૦૦ | માનીનભાઈ પ્રતિકભાઈ બેંકર, વડોદરા |
| ૬) | ૧૧,૦૦૦ | હેતવી હરેનભાઈ પરીખ, અમદાવાદ |
| ૭) | ૧૦,૦૦૦ | દેવ હરેનભાઈ પરીખ, અમદાવાદ |
| ૮) | ૫,૦૦૦ | અશેષભાઈ કૃષ્ણકાંતભાઈ પરીખ, પાટણ |
| ૯) | ૧૫,૦૦૧ | અરવિંદભાઈ રતીલાલ શાહ, સરલાબેનના સ્મરણાર્થે, અમદાવાદ |
| ૧૦) | ૧૦,૦૦૦ | રાહુલભાઈ અશ્વિનભાઈ શાહ, સરલાબેનના સ્મરણાર્થે, અમદાવાદ |
| ૧૧) | ૫,૦૦૦ | ડાહીબેન નટવરલાલ પંચાલ, મુંબઈ |
| ૧૨) | ૫૦૦૦ | અરૂણાબેન નવીનચંદ્ર મહેતા, મુંબઈ |
| ૧૩) | ૫૦૦૦ | ભૌમિકભાઈ શાહ, બોરીવલી |

**અજયભાઈ પરીખ, મંત્રી,**
**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**
**મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩**

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

# સન્માન સમારંભનો અહેવાલ

૩જી એપ્રિલ ૨૦૨૫, ચૈત્રિ નવરાત્રિની છઠ્ઠની ઉજવણી વાયડગામ મુકામે માં ના મંદિરમાં થઈ. પૂરા ગુજરાતમાંથી ભક્તો આવી રહયા હતાં. ઘણા બધા શહેરોમાંથી ભક્તોના સંઘની બસો આવી ગઈ હતી. મા નો હવન એના નિયત સમયે શરૂ થઈ ગયો. સવારે ૧૦-૦૦ વાગ્યા સુધીમાં તો જાણે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. માં ના દર્શન કરવા, માં ના મંદીરમાં ભક્તો સમાતા ન હતા. માંની મૂર્તિ લાલ-પીળા-સફેદ ફૂલોથી સુશોભિત હતી અને માં સાક્ષાત બિરાજમાન છે અને સર્વેને આશિર્વાદ આપી રહ્યા છે એવી સુંદર પ્રતીતિ થઈ રહી હતી.

આ પાવન પ્રસંગે આ પાવનભૂમિ પર જ્ઞાતિજનોની વર્ષોની સાધના, સેવા, સમર્પણ અને સંઘશક્તિને બિરદાવવા સન્માન સમારંભ યોજવામાં આવેલો. ભક્તોએ તન-મન-ધનથી માં ની સેવાના કાર્યો કર્યા છે. આ સન્માન સમારંભમાં સંસ્થાનમાં સેવા આપતા, રસોડાના સર્વ કામ-કાજમાં સેવા આપતા, મહિલામંડળ, શ્રેષ્ઠીઓ અને વાયડ ગામના સરપંચના સન્માન કરવામાં આવ્યા છે.

સમારંભ સવારે ૧૦-૦૦ Outer dining hall માં વાયડમાંની સ્તુતિ સાથે શરૂ થયો. માં ની સ્તુતિ બાદ હાલમાં શ્રીજી શરણ પામેલા જ્ઞાતિરત્ન શ્રી રમેન્દ્રભાઈ પરીખ, શ્રી સુનીલભાઈ રસીકલાલ શાહ અને શ્રી અરવિંદભાઈ કાળીદાસ પરીખને યાદ કરીને ૨ મિનિટનું મૌન રાખીને એમને અંજલિ આપવામાં આવી.

જેમના વિશેષ પ્રયત્નો અને અવિરત મહેનતથી આ કાર્યક્રમ શક્ય બન્યો છે એવા વાયડા વણિક સેવા ટ્રસ્ટના પ્રેસીડન્ટ શ્રી ધીરેનભાઈ પરીખ, વાયડ સંસ્થાનના પ્રેસીડન્ટ શ્રી શશાંકભાઈ શાહ, વાયડા વણિક સેવા ટ્રસ્ટના સેક્રેટરી શ્રી વ્રજેશભાઈ પરીખ, વાયડા વણિક સેવા ટ્રસ્ટના જોઈન્ટ સેક્રેટરી અને ટ્રેઝરર શ્રી મેહુલભાઈ શાહ અને વાયડ સંસ્થાનના સેક્રેટરી શ્રી અજયભાઈ પરીખ મંચસ્થ થયા.

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે શ્રી શરદભાઈ શાહ, શ્રી જીતેન્દ્રભાઈ શાહ, શ્રી કિરણભાઈ શાહ અને શ્રી હિમાંશુભાઈ શાહનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

સેવા ટ્રસ્ટના સેક્રેટરી શ્રી વ્રજેશભાઈ પરીખે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આ સમારંભનો મુખ્ય હેતુ લોકોની વર્ષોની મહેનતને બિરદાવવાનો અને જ્ઞાતિજનોને એનો ખ્યાલ આવે અને પ્રેરણા મળે એવો છે.

સેવા ટ્રસ્ટના પ્રમુખ અને આ સભાના પ્રમુખ શ્રી ધીરેનભાઈ પરીખે પોતાના વિચારો વ્યક્ત કરતા જ્ઞાતિ માટે કાર્યો કરતા સર્વેનો આભાર માન્યો અને જ્ઞાતિ માટેના એમના future plans ની વાત કરી.

સંસ્થાન પ્રમુખશ્રી શશાંકભાઈ શાહે પોતાની કૃતજ્ઞ ભાવના વ્યક્ત કરતા જણાવ્યું કે રસોડાની સેવામાં ખૂબ સરસ ફાળો મળી રહ્યો છે. એવો જ ફાળો બીજા કાર્યોમાં પણ મળે અને જ્ઞાતિના બધા કાર્યો સફળ રીતે સંપન્ન થઈ શકે એવી ભાવના રજૂ કરી.

શ્રી શ્રેણીકભાઈ પરીખ અને શ્રીમતી નિરાલીબેન પરીખે આ સન્માન સમારંભનું સંચાલન કર્યું. સૌ પ્રથમ રસોડાના કાર્યોમાં સેવા આપતા જ્ઞાતિજનોનું સન્માન કરવામાં આવ્યું. રસોડામાં સેવા માટે જ્ઞાતિજનો અગાઉથી આવી જાય છે. ત્રણેય ટાઈમની રસોઈની વ્યવસ્થાનું સુંદર સંચાલન કરતા ૨૮ જ્ઞાતિજનોનું સન્માન કરવામાં આવ્યું.

પછી વિવિધ શહેરોના મહિલા મંડળોનું સન્માન થયું. મુંબઈ, કચ્છ-ભૂજ, અમદાવાદ અને પાટણના મહિલા મંડળનું સન્માન કરવામાં આવ્યું. આ મંડળો ખૂબ જ વિવિધ અને પ્રેરણાશીલ કાર્યો કરી રહ્યા છે અને વર્ષભર વિવિધ પ્રોગ્રામસ સાથે જ્ઞાતિના મહિલાઓને પોતાના ઘર સિવાયની અન્ય પ્રવૃત્તિઓમાં એક્ટિવ રાખે છે. અમદાવાદના શ્રીમતી મીતાબેન પરીખે બધા મંડળની સાથે

મળીને પણ પ્રોગ્રામ અને કાર્યો કરવા જોઈએ એવો પ્રસ્તાવ મુક્યો.

અંતમાં સંસ્થાનમાં વિવિધ કાર્યો કરતા શ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યું. રસોડાનું નવીનીકરણ, સંસ્થાન અને ચોકીઓના રીનોવેશનના પ્રોજેક્ટ, ગામનો પ્રવેશદ્વાર અને બીજા એવા કેટલાય ગ્રાઉન્ડ લેવલના કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે.

ડૉ. સંજયભાઈ ગાંધી કે જેઓ IVF specialist doctor છે એમણે પોતાના મંતવ્યો રજૂ કર્યા. નીમીષાબેન પરીખ ૨૦ વર્ષથી વધારે સંસ્થાનના એકાઉન્ટસ અને ઇન્કમ ટેક્ષના કાર્યોમાં કાર્યરત છે. એમણે પણ પોતાના પ્રતિભાવો અને મંતવ્ય રજૂ કર્યા. સન્માનિત લોકોને પોતાના નામ સાથેના personalised award અર્પવામાં આવ્યા. જ્ઞાતિજનોની નજીકની ઓળખાણ હોવાથી શ્રી શ્રેણિકભાઈએ સન્માનિત મહાનુભાવોનો વિશેષ પરિચય પણ આપ્યો.

શ્રી મેહુલભાઈ શાહે સમારંભમાં સામેલ સર્વે જ્ઞાતિજનોનો આભાર માન્યો. એમના થકી જ આ સમારંભની શોભા હતી. સમયસર સમારંભ પૂર્ણ થયો અને સર્વે ભક્તો રસ-પૂરીના ભોજનનો સ્વાદ માણી, માં ના આશિર્વાદ લઈને આવતા વર્ષે ફરી મળવાના ઓરતા મનમાં લઈ છૂટા પડ્યા.

## સન્માન મેળવનાર જ્ઞાતિબંધુઓની યાદી

૧. શ્રી ચેતનભાઈ રસિકલાલ પરીખ ૨. શ્રી અશોકભાઈ રસિકલાલ પરીખ
૩. સ્વ. શ્રી તુષારભાઈ અશોકભાઈ પરીખ ૪. શ્રી દિગીશભાઈ ભુપેન્દ્રભાઈ પરીખ
૫. શ્રી અમરીશભાઈ ચંદ્રકાંતભાઈ પરીખ ૬. શ્રી ધીરેનભાઈ ભુપેન્દ્રભાઈ પરીખ
૭. શ્રી રાજેશભાઈ બચુભાઈ શાહ ૮. શ્રી દિગંતભાઈ સુરેન્દ્રભાઈ પરીખ
૯. શ્રી રશ્મિભાઈ નવનીતભાઈ શાહ ૧૦. શ્રી કિંજનભાઈ કિરીટભાઈ શાહ
૧૧. શ્રી કેયુરભાઈ કિરીટભાઈ શાહ ૧૨. શ્રી તુષારભાઈ જયંતીલાલ શાહ
૧૩. શ્રી અભિભાઈ તુષારભાઈ શાહ ૧૪. શ્રી જતીનભાઈ ભરતભાઈ શાહ

૧૫. શ્રી નિલેશભાઈ બાલચંદ્રભાઈ શાહ ૧૬. શ્રી પ્રવીણભાઈ જમનાદાસભાઈ શાહ ૧૭. શ્રી જીતેન્દ્રભાઈ દયારામભાઈ શાહ ૧૮. શ્રીમતી ફાલ્ગુનીબેન રાજેશભાઈ શાહ ૧૯ શ્રીમતી મનીષાબેન દિગીશભાઈ પરીખ ૨૦. શ્રીમતી ફાલ્ગુનીબેન ધીરેનભાઈ પરીખ ૨૧. શ્રીમતી ભારતીબેન રશ્મિભાઈ શાહ ૨૨. શ્રીમતી પૂજાબેન કેયુરભાઈ શાહ ૨૩. શ્રીમતી ખુશ્બુબેન કિંજનભાઈ શાહ ૨૪. શ્રીમતી સોનલબેન જયપ્રકાશભાઈ શાહ ૨૫. શ્રીમતી શ્રુજલબેન કેતનભાઈ શાહ ૨૬. શ્રીમતી સ્મૃતિબેન રાજેન્દ્રભાઈ શાહ ૨૭. મુરબ્બી સ્વ. શ્રી રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ ૨૮. મુરબ્બી શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ ૨૯. સ્વ. શ્રી અરવિંદભાઈ કાળીદાસભાઈ પરીખ ૩૦. સ્વ. શ્રી સુનિલભાઈ રસિકલાલ શાહ ૩૧. શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ ૩૨. શ્રી સંજયભાઈ દેવીદાસભાઈ ગાંધી ૩૩. શ્રી જયેશભાઈ નવનીતભાઈ પરીખ ૩૪. શ્રી અજયભાઈ અરવિંદભાઈ પરીખ ૩૫. નિમિષાબેન લલીતભાઈ પરીખ ૩૬. શ્રી મહેલુભાઈ સુધીરભાઈ શાહ ૩૭. રાજુભાઈ કનુભાઈ શાહ ૩૮. વિજેશભાઈ નગીનદાસ શાહ ૩૯. કિરણભાઈ નગીનદાસ શાહ ૪૦. હેતલબેન નિલેશભાઈ શાહ ૪૧. ચંદ્રીકાબેન સુનીલભાઈ શાહ ૪૨. હીનાબેન હર્ષદભાઈ શાહ ૪૩. આશાબેન આશીષભાઈ શાહ
૪૪. જયશ્રીબેન જગદીશભાઈ શાહ ૪૫. લીનાબેન નટવરલાલ શાહ
૪૬. લતાબેન લક્ષ્મીકાંતભાઈ પરીખ ૪૭. મીતાબેન રાકેશભાઈ પરીખ
૪૮. અનીતાબેન હીરેનભાઈ પરીખ ૪૯. કૃપાલીબેન પરાગભાઈ શાહ
૫૦. અદેસિંહ ઠાકોર, સરપંચશ્રી, વાયડ ગ્રામ પંચાયત

**– નિરાલી પરીખ**

**અમદાવાદ**

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.











શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ









નિરંજનાબહેન ઉદેશચંદ્ર શાહ પરિવાર, મુંબઈના જય શ્રી કૃષ્ણ.

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.












સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ

## હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.










## સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

## પાટણ દશા વાયડા વણિક ધર્મશાળામાં રમતગમત

દર વર્ષની જેમ આ વર્ષે પણ પાટણની દશા વાયડા વણિક ધર્મશાળામાં રમત ગમતનું આયોજન થયું હતું. આ વર્ષે મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ રમતગમતનો લાભ લીધો. જેમાં પાંચ વર્ષના બાળકથી લઈને ૭૫ વર્ષના વડીલોએ પણ ભાગ લીધો હતો.

આ વર્ષે **લોટા તાક**ના બદલે બાંધેલી બોટલને તાકવાની રમત રાખવામાં આવી હતી. જેમાં નોક આઉટ, સેમી ફાઈનલ અને ફાઈનલ રમાડવામાં આવી હતી. જેના વિજેતા આ પ્રમાણે રહ્યા. **પ્રથમ ઈનામઃ** હરેશભાઈ મનમોહનદાસ પરીખ **દ્વિતીય ઈનામઃ** ફાલ્ગુનીબેન ધિરેનભાઈ પરીખ **તૃતીય ઈનામઃ** રશ્મીકાંત નવનીતભાઈ શાહ

**પાસીંગ ધ બોલને** બે વિભાગમાં રમાડવામાં આવી. **બાળકો : પ્રથમ ઈનામઃ** હાદય અતુલકુમાર પરીખ **દ્વિતીય ઈનામઃ** દ્વિજ કિંજલભાઈ શાહ **તૃતીય ઈનામઃ** હર્ષિલ અભયભાઈ તલાટી **પુખ્ત વયનાઃ પ્રથમ ઈનામઃ** કાશ્મીરાબેન અમરીશભાઈ પરીખ **દ્વિતીય ઈનામઃ** માધવીબેન નિશિથભાઈ પરીખ **તૃતીય ઈનામઃ** રાજેન્દ્ર કાન્તિલાલ શાહ

મહિલાઓ માટે **ક્રિકેટ મેચનું** આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'ધોની ઈલેવન'ના કેપ્ટન મનીષાબેન દિગીશભાઈ પરીખ હતા જ્યારે 'હાર્દિક ઈલેવન'ના કેપ્ટન ફાલ્ગુનીબેન ધિરેનભાઈ પરીખ હતા. હાર્દિક ઈલેવનનો છેલ્લા બોલે ૧ રને વિજય થયો હતો. જેમાં આ મુજબ ઈનામો આપવામાં આવ્યા હતા. **વિજેતા ટીમઃ** રૂ. ૫૦૦/– શ્રી વ્રજેશભાઈ એન. પરીખ તરફથી, **ઉપ વિજેતા ટીમઃ** રૂ. ૨૫૦/– શ્રીમતી આશાબેન ડી. પારેખ તરફથી, **વુમન બેસ્ટ બેટ્સમેનઃ** ખુશ્બુ કિંજન શાહ રૂ. ૫૦૦/– શ્રીમતી આશાબેન ડી. પારેખ તરફથી, **વુમન બેસ્ટ બોલરઃ** અવની નિમિશકુમાર ભાવસાર રૂ. ૫૦૦/– શ્રીમતી આશાબેન ડી. પારેખ તરફથી.

સાતમના દિવસે **'સુમિત્રાબેન પુરુષોત્તમદાસ શાહ ઠાંસ ટુર્નામેન્ટ'** રમાડવામાં આવી. જેના ઈનામો લજ્જાબેન શૈલેષભાઈ શાહ તરફથી આપવામાં

આવ્યા હતા. **પ્રથમ ઈનામ:** મનિષાબેન દિગીશભાઈ પરીખ, રૂ. ૭૫૦/- **દ્વિતીય ઈનામ:** ફાલ્ગુનીબેન ધિરેનભાઈ પરીખ, રૂ. ૫૦૦/- **તૃતીય ઈનામ:** આશાબેન ધિરેનભાઈ પારેખ, રૂ. ૨૫૦/-, **આશ્વાસન ઈનામો:** ૧. કૃપાલીબેન પરાગભાઈ શાહ રૂ. ૧૦૦/- ૨. અંજુબેન દિપકભાઈ પરીખ રૂ. ૧૦૦/- ૩. અલકાબેન વિનયભાઈ પરીખ રૂ. ૧૦૦/- ૪. તોરલબેન ચેતનભાઈ પરીખ રૂ. ૧૦૦/- ૫. બીનાબેન તુષારભાઈ શાહ રૂ. ૧૦૦/- ૬. પ્રતિક્ષાબેન સુનીલભાઈ શાહ રૂ. ૧૦૦/-

ભોજન બાદ **હાઉસી**ની રમત રમાડવામાં આવી હતી. જેમાં આ મુજબના વિજેતા રહ્યા હતાં. **ફુલ હાઉસી:** ૧. બીનાબેન તુષારભાઈ પરીખ રૂ. ૩૫૦/- ૨. દિપ્તીબેન એ. શાહ રૂ. ૨૫૦/- ૩. આશાબેન ડી. પારેખ રૂ. ૧૫૦/- ૪. વિશાલ એસ. શાહ રૂ. ૧૦૦/- **અર્લી ફાઈવ:** ૧. કૃપાલીબેન પી. શાહ / ધૃતિ, ૨. ટ્વીન્કલ એન. પરીખ **ફર્સ્ટ રો:** ૧. અક્ષય વી. પરીખ ૨. જ્યોતીબેન એસ. શાહ **સેકન્ડ રો:** ૧. કિંજલબેન કે. પરીખ ૨. અલકાબેન વિનયભાઈ પરીખ ૩. શ્રેય એ. શાહ **થર્ડ રો:** ૧. ફાલ્ગુનીબેન ડી. પરીખ ૨.ફાલ્ગુનીબેન આર. શાહ **કોર્નર:** ૧. પારૂલબેન પરીખ ૨. અલકાબેન એ. શાહ ૩. ફાલ્ગુનીબેન આર. શાહ

સૌથી છેલ્લે **સંગીત ખુરશી** રમાડવામાં આવી હતી. લગભગ ૧ કલાક સુધી ચાલેલી આ રમતમાં સૌએ આનંદ અને મનોરંજનનો લાભ લીધો. **વિજેતા** ૧. અલકાબેન વિનયભાઈ પરીખ ૨. અંજુબેન દિપકભાઈ પરીખ ૩. મનીષાબેન દિગીશભાઈ પરીખ

ઉપરોક્ત રમતો રમાડવામાં પરાગ એસ. શાહ, શરદભાઈ જે. પરીખ, રશ્મિકાંતભાઈ એન. શાહ અને સુનીલભાઈ પી. શાહ દ્વારા સેવા આપવામાં આવી હતી. ક્રિકેટ વિજેતા ટીમને વ્રજેશભાઈ એન. પરીખ તરફથી ઈનામ આપવામાં આવ્યા હતાં. હાઉસીની રમતમાં એકત્રિત થયા કરતા ઈનામની વધુ રકમ સુનીલભાઈ શાહ દ્વારા આપવામાં આવી હતી. જ્યારે બાકીના તમામ ઈનામ આશાબેન ધિરેનભાઈ પારેખ દ્વારા આપવામાં આવ્યા હતા.

**- સુનિલભાઈ પી. શાહ, મહેસાણા**

# શ્રી સમીરી વણિક સમાજ અમદાવાદ

દર વર્ષની પરંપરા પ્રમાણે શ્રી સમીરી વણિક સમાજ દ્વારા સમાજના સભ્ય ભાઈ–બહેનો તથા તેમના કુટુંબીજનો માટે ચૈત્ર સુદ – ૬ ના હવનપ્રસંગે સ્વ. સતીષભાઈ ગોકળદાસ પારેખ અને શ્રીમતી ભારતીબહેન સતીષભાઈ પારેખ તરફથી તેમના માતા પિતા સ્વ. ગોકળદાસ ચુનીલાલ પારેખ અને સ્વ. સરસ્વતીબેન ગોકળદાસ પારેખની પુણ્ય સ્મૃતિમાં મળેલ દાનની રકમના વ્યાજમાંથી તથા સ્વ. નટવરલાલ નાનાલાલ પરીખ તથા સ્વ. જશુમતીબેન નટવરલાલ પરીખની પુણ્ય સ્મૃતિમાં મળેલ દાનની રકમના વ્યાજમાંથી આ વર્ષે પણ ચૈત્ર સુદ–૬ને ગુરુવાર તા. ૩–૪–૨૦૨૫ના રોજ એક દિવસીય વાયડ પ્રવાસનું આયોજન સમાજના સભ્યો માટે કરવામાં આવ્યું હતું. આ માટે કુલ આશરે ૭૦ સભ્યોએ નામ નોંધાવ્યા હતા. આ એક દિવસીય પ્રવાસ માટે બે ૨ x ૨ AC બસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વખતે વાયડમાં સવારે ૧૧–૦૦ વાગે જ્ઞાતિના સેવાભાવી કાર્યકરોનું સન્માન કરવાનો કાર્યક્રમ હોવાથી બંને બસો સવારે ૬–૩૦ વાગે વ્રજભૂમિ મંદિર, આંબાવાડી, અમદાવાદ ખાતેથી યાત્રીઓને લઈને વાયડ માતાના જયઘોષ સાથે ઉપાડવામાં આવી હતી. રસ્તામાં ગુરુકુળ તથા ગોતા હાઈવે ઉપરથી યાત્રીઓને લઈને બસ આશરે ૮–૧૫ વાગ્યે જનપથ હોટલ, મહેસાણા ખાતે રોકાઈ હતી. ત્યાં સૌ સભ્યોને બ્રેડ–બટર તથા કટલેશનો નાસ્તો, ચ્હા–કોફી તથા પાણીની બોટલો આપવામાં આવી હતી. ત્યારબાદ આશરે ૯–૦૦ વાગ્યે મહેસાણાથી બંને બસો ઉપડીને સવારે ૧૧–૦૦ વાગ્યે વાયડ ખાતે પહોંચી હતી. બધા સભ્યોએ વાયડમાં યોજાયેલ સન્માન કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ત્યારબાદ વાયડ માતાના મંદિરમાં પાદુકા પૂજન તથા કેસર સ્નાન કરી સંતોષની લાગણી અનુભવી હતી. બપોરના સમયે સૌએ અન્ય શહેરોમાંથી આવેલ જ્ઞાતિજનોના ખબર અંતર પૂછયા હતાં.

સૌ સભ્યો રાત્રે પ્રસાદ લઈને ૮–૩૦ વાગ્યે પરત અમદાવાદ આવવા નીકળ્યા

હતાં. રાત્રિના સમયે પરત ફરતાં રસ્તામાં મહેસાણા પાસે સૌ સભ્યોને આઈસ્ક્રીમના કોન આપવામાં આવ્યા હતા.રાત્રિના ૧૨–૧૫ વાગ્યે સૌ એક બીજાને જયશ્રીકૃષ્ણ કહીને છૂટા પડ્યા હતા.

**શરદભાઈ જે. પરીખ** — પ્રમુખ

**દિગંત એસ. પરીખ** — સેક્રેટરી

અહેવાલ : **કંદર્પ વી. પરીખ**

# વાયડ સંઘ એપ્રિલ - ૨૦૨૫
# પાટણ વીશા વાયડા જ્ઞાતિની ધર્મશાળા

વરસોની પરંપરા મુજબ આ વરસે પણ વાયડ સંઘ તા. ૧–૪–૨૦૨૫ થી તા. ૫–૪–૨૦૨૫ (ચૈત્ર સુદ ૪ થી ચૈત્ર સુદ ૮)ના સમયે યોજાઈ ગયો. આ વરસે ગરમી સખત પ્રમાણમાં રહી. બાળકોની વાર્ષિક પરીક્ષાનો સમય હતો તેમ છતાંય જ્ઞાતિજનોની સંખ્યા પ્રમાણમાં ઘણી સારી રહી. ચૈત્ર સુદ ૬ ના દિવસે જ્ઞાતિજનો ખુબ જ મોટા પ્રમાણમાં હાજર હતા અને સૌએ છઠ્ઠના હવનનો સારો લાભ લીધો. ચૈત્ર સુદ ૬ ની સાંજની મહા આરતી ધાર્યા મુજબ ખૂબ જ ઉંચી રકમની બોલી રૂ. ૧ લાખ ૩૨ હજારમાં ગઈ. ચૈત્ર સુદ ૫ની રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનો જ્ઞાતિજનોએ ખૂબ લાભ લીધો. આપણા ટ્રસ્ટીશ્રી કિરણભાઈ શાહ, વડોદરાને સ્વમુખે ગાતા જોવા–માણવાનો ખૂબ આનંદ આવ્યો. માતાજીનો આઠમનો વરઘોડો હંમેશ મુજબ આખા ગામમાં ફર્યો અને જ્ઞાતિજનો ઉપરાંત ગ્રામજનોએ પણ એની મઝા માણી.

વાયડ ગામના બાળકોને ચૈત્ર સુદ ૭ના દિવસે વિવિધ રમતો રમવામાં મજા આવી તથા બાળકોને જ્ઞાતિજનો તરફથી આઈસ્ક્રીમની મજા કરાવવામાં આવી. પાટણ વીશા વાયડા જ્ઞાતિના કુટુંબ તરફથી ગામના બાળકોને વિવિધ પ્રકારના રમકડાંની ભેટ આપવામાં આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. મોટા સ્ક્રીન ઉપર

ગ્રામજનોને રાત્રે પીક્ચર જોવા મળવાથી સૌ આનંદની લાગણી અનુભવતા જોવા મળ્યા.

રસોડાની વ્યવસ્થા હંમેશ મુજબ ઉત્તમ રહી. વિવિધ પ્રકારની વાનગીઓ, મિષ્ટાનનો આનંદ સૌએ માણ્યો અને માતાજીની પ્રસાદી આરોગ્યાનો સંતોષ લીધો. સંખ્યા વધારે હોવાથી રસોડાના કાર્યકર્તાઓને તેમજ કાર્ય સારી રીતે પાર પાડવામાં સારી જહેમત ઉઠાવવી પડી જે પ્રશંસાને પાત્ર છે.

ઉપરાંત પાટણ વીશા વાયડા જ્ઞાતિની ધર્મશાળામાં આ વર્ષે જ્ઞાતિના પ્રમુખશ્રી વિજયભાઈ ગાંધી એ વાયડ આવી બાથરૂમ-ટોયલેટના કામ પૂર્ણ કર્યા અને બધા જ ટોયલેટ વેસ્ટન સ્ટાઈલના તૈયાર કરાવ્યા જે ખૂબ જરૂરી હતા. જે બદલ તેમને અભિનંદન. ચૈત્ર સુદ ૬ના દિવસે સાંજે ૪ વાગે જ્ઞાતિના હાજર સભ્યોની મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં વિવિધ કામોની ચર્ચા કરવામાં આવી. ડૉ. કિશોરભાઈ ગાંધી, ડીસા ટ્રસ્ટનો વહીવટ સારી રીતે સંભાળે છે અને વડીલ તરીકે અમને સારું માર્ગદર્શન પૂરું પાડે છે જે બદલ પાટણ વીશા વાયડા જ્ઞાતિ તેમનો આભાર માને છે.

મિતુલભાઈ ગાંધીએ હાઉસીની રમત રમાડી બધાને મઝા કરાવી. ઠાંસની રમત નો પણ બહેનોએ આનંદ લીધો. સેવા ટ્રસ્ટના નવા વરાયેલા પ્રમુખશ્રી ધીરેનભાઈ પરીખ સાથે મુલાકાત કરવાનો લ્હાવો મળ્યો.

આમ સંઘના દિવસો દરમ્યાન સર્વે જ્ઞાતિજનો એકબીજાને મળી આનંદ અને સંતોષની લાગણી અનુભવતા જોવા મળ્યા. માતાજીની ભક્તિનો સૌએ આનંદ લીધો. માતાજી સર્વે જ્ઞાતિજનોનું કલ્યાણ કરે એજ પ્રાર્થના

**- ભરત એચ. ગાંધી**

ઉપપ્રમુખ

પાટણ વીશા વાયડા જ્ઞાતિ પાટણ વડોદરા

મો. ૯૪૭૯૩૯૪૩૮૮

# અમદાવાદ દશા વાયડ વણિક જ્ઞાતિ

# વાયડ ટ્રાવેલ્સ ફંડ (VTF)

વાયડ ટ્રાવેલ્સ ફંડ (VTF) ની સ્થાપના શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિજનો માટે વાયડ સંઘમાં અમદાવાદથી વાયડ જવા-આવવા માટે થયેલ છે. છેલ્લા એકત્રીસ વર્ષોથી VTF આ આયોજન કરે છે. આ વર્ષે એપ્રિલ ૧, ૨૦૨૫ થી એપ્રિલ ૫, ૨૦૨૫ દરમ્યાન વાયડસંઘમાં ૨૫ જ્ઞાતિજનોએ લાભ લીધો. આ માટે જ્ઞાતિજન પાસેથી માત્ર રૂ. ૬૦૦/- લેવામાં આવ્યા હતા.

'વાયડ માતકી જય'ના નારા સાથે વાયુદેવતા મંદિરેથી તા. ૧-૪-૨૦૨૫ના સવારે ૭-૩૦ વાગે 2 × 1 AC બસમાં વાયડ જવા નીકળ્યા. જ્ઞાતિજનોમાં અદમ્ય ઉત્સાહ હતો.

મહેસાણામાં આવેલ દૂધસાગર ડેરીનો પ્લાન્ટ નિહાળવાનું આયોજન શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખે કર્યું હતું. સમગ્ર પ્લાન્ટનું બાંધકામ તેમની કંપની RJP Infrastructare Pvt. Ltd. દ્વારા કરવામાં આવેલ છે. કંપનીના સ્ટાફ દિવ્યેશભાઈ શાહ અને રિશિતભાઈ ઓઝાએ જ્ઞાતિજનોને આવકાર આપ્યો તેમજ સૌ જ્ઞાતિજનોને બટાટા પૌંઆ, ભજીયા-મેથીના ગોટા, ગુલાબજાંબુ, ચા, કોફી છાશનો નાસ્તો કરાવ્યો. ત્યારબાદ ડેરીના ટેક્નોલૉજીસ્ટ શ્રી દીપકભાઈ માંડોડાએ પ્લાન્ટની ટેકનીકલ માહિતી આપી. જ્ઞાતિજનોએ જિજ્ઞાસાપૂર્વક માહિતી મેળવી હતી.

બપોરે 12-00 વાગે સૌ વાયડ આવી પહોંચ્યા. તમામ ૧૪ ચોકીઓમાં સુવિધાઓ ઉપલબ્ધ હતી. દરરોજ સવારે અને રાત્રે ચાની વ્યવસ્થા હતી. એક દિવસ ઢોકળાનો નાસ્તો આપવામાં આવ્યો હતો. ચા-નાસ્તા માટે નીતાબહેન, સરલાબહેન અને કલ્પનાબહેનનો આભાર માનવામાં આવે છે.

નાનુભાઈ ત્રણ દિવસ પહેલા વાયડ પહોંચી ગયા હતા અને ધર્મશાળાની સાફ-સફાઈ કરાવી હતી તેમજ ગાદી-પલંગ, પંખા તેમજ અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હતી. વાયડ ટ્રાવેલ્સ ફંડની વાર્ષિક મિટીંગ રાખવામાં આવી

હતી. જેમાં સર્વસંમતિથી હિસાબ મંજૂર કરવામાં આવ્યો હતો. ચંદ્રિલભાઈ એન. શાહનું અવસાન થવાથી તેમના સ્થાને સુનિલભાઈ એ. શાહને ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતાં.

ચૈત્ર સુદ ૬ ને દિવસે હાઉસીની રમત રમાડવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામો વાયડ ટ્રાવેલ્સ ફંડ તરફથી આપવામાં આવ્યા હતા.

જ્ઞાતિ તરફથી રૂ. ૩૦૦/- દરેક જ્ઞાતિજનને વાયડસંઘમાં આવવા બદલ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત જ્ઞાતિ તેમજ દાતાઓ તરફથી મેડીકલ કૂપન પણ આપવામાં આવી હતી.

વાયડમાં પાંચ દિવસ માટે નાનુભાઈ, કિરણભાઈ, પિયુષભાઈ અને સુનિલભાઈએ સેવાઓ આપી હતી. વાયડથી પરત આવતા મહેસાણા પાસે જનપથ હોટલમાં જ્ઞાતિજનોએ લસ્સી અને આઈસ્ક્રીમનો સ્વાદ માણ્યો હતો. ૮૯ વર્ષના વિનુભાઈ પરીખે વાયડસંઘમાં પાંચ દિવસ ભાગ લીધો તે પ્રશંસનીય છે. ગ્રામ્ય સંસ્કૃતિની અસરતળે એક વિશાળ કુટુંબના સભ્યો એક સાથે રહે તેવું દૃશ્ય જોવા મળ્યું હતું.

## વાયડસંઘમાં જ્ઞાતિજનોએ આપેલી ભેટ

| | | |
|---|---|---|
| ૧ | ૩૧૨૦-૦૦ | સ્વ સરોજબેન એન. શાહ |
| ૨ | ૫૦૦-૦૦ | લીનાબેન એન. શાહ |
| ૩ | ૫૦૦-૦૦ | નરેશ આર. શાહ |
| ૪ | ૫૦૦-૦૦ | સ્વ. નટવરલાલ ડી. શાહ |
| ૫ | ૫૦૦-૦૦ | સ્વ. હીરાબેન એન. શાહ |
| ૬ | ૫૦૦-૦૦ | સ્વ. રક્ષાબેન એચ. શાહ |
| ૭ | ૫૦૦-૦૦ | સુનીલ એ. શાહ |
| ૮ | ૫૦૦-૦૦ | હિમાંશુ ગુણવંતલાલ શાહ |
| ૯ | ૫૦૦-૦૦ | હિમાંશુ મનહરલાલ શાહ |
| ૧૦ | ૫૦૦-૦૦ | સ્વ. જમનાદાસ બી. શાહ |

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

| | | |
|---|---|---|
| ૧૧ | ૫૦૦–૦૦ | સ્વ. વસુમતીબેન જે. શાહ |
| ૧૨ | ૫૦૦–૦૦ | સ્વ. રાજેશભાઈ જમનાદાસ શાહ |
| ૧૩ | ૫૦૦–૦૦ | તેજસ પિયૂષભાઈ શાહ |
| ૧૪ | ૫૦૦–૦૦ | ભાવનાબેન એફ. શાહ |
| ૧૫ | ૫૦૦–૦૦ | દિક્ષીત ભાઈલાલભાઈ શાહ |
| ૧૬ | ૫૦૦–૦૦ | વસંતભાઈ ડી. ચોક્સી |
| ૧૭ | ૫૦૦–૦૦ | શોભનાબેન એન. શાહ |
| ૧૮ | ૫૦૦–૦૦ | મિનાક્ષીબેન સી. પરીખ |
| ૧૯ | ૫૦૦–૦૦ | વૈભવ એમ. ચોક્સી |
| ૨૦ | ૫૦૦–૦૦ | સ્વ. જીતેન્દ્રભાઈ આર. શાહ |
| ૨૧ | ૫૦૦–૦૦ | સુભાષભાઈ એમ. શાહ |
| ૨૨ | ૧૦૦૦–૦૦ | સ્વ. સુનિલભાઈ રસિકલાલ શાહ |
| ૨૩ | ૫૦૦–૦૦ | શૈલેષભાઈ અનુભાઈ શાહ |
| ૨૪ | ૧૦૦૦–૦૦ | માધવી વિપુલભાઈ પરીખ |
| ૨૫ | ૧૦૦૦–૦૦ | વિનુભાઈ બી. પરીખ |
| ૨૬ | ૧૦૦૦–૦૦ | નીરવ વી. પરીખ |
| ૨૭ | ૧૦૦૦–૦૦ | યશ નીરવ પરીખ |
| ૨૮ | ૧૦૦૦–૦૦ | સ્વ. દિનેશભાઈ બી. પરીખ |
| ૨૯ | ૫૦૦–૦૦ | દિપકભાઈ બી. પરીખ |
| ૩૦ | ૧૦૦૦–૦૦ | સ્વ. પ્રકાશભાઈ એન. શાહ |
| ૩૧ | ૫૦૦–૦૦ | તૃષા વ્રજેશકુમાર ગાંધી |
| ૩૨ | ૫૦૦–૦૦ | જીગર વ્રજેશકુમાર ગાંધી |
| ૩૩ | ૫૦૦–૦૦ | ડૉ. સુકુમારભાઈ જે. શાહ |
| ૩૪ | ૫૦૦–૦૦ | નિતીન સુરેશભાઈ શાહ. |
| ૩૫ | ૨૫૦૦–૦૦ | કોકીલાબેન જશુભાઈ પરીખ |
| રૂ. | **૨૫૬૨૦–૦૦** | **કુલ રકમ** |

**– નાનુભાઈ એન. શાહ**

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રી વાયુદેવતા મંદિર ભરૂચ

**તૃતીય પાટોત્સવ – વિશેષ અહેવાલ**

**તારીખ ૧૩–૪–૨૦૨૫, રવિવાર**

શ્રી વાયુદેવતા મંદિર, ભરૂચ ખાતે તૃતીય પાટોત્સવ નિમિત્તે તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ભવ્ય અને ભક્તિસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંજના ૬–૩૦ વાગ્યે શ્રીફળ હોમવાની સાથે પાટોત્સવની વિધિવત્ પૂર્ણાહુતિ કરવામાં આવી. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજારીઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભગવાન વાયુદેવતાની પૂજા–અર્ચના કરાઈ, જેમાં અનેક જ્ઞાતિબંધુઓ અને ભક્તજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

આ પાવન અવસરે ભરૂચ તથા આસપાસના વિસ્તારોમાંથી જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં. મંદિરમાં ફુલો અને દીવાઓ દ્વારા સુંદર સજાવટ કરાઈ હતી, જેના કારણે સમગ્ર પરિસર ભક્તિભાવથી સુસજ્જ બન્યું હતું.

પૂજા અને હવન બાદ દરેક ભક્તોને મંદિર પરિસરમાં પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.

સાંજના કાર્યક્રમ પછી સૌ માટે રાત્રિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભોજનમાં વિવિધ પારંપરિક વાનગીઓ પીરસી હતી અને ભક્તજનોએ આનંદપૂર્વક પ્રસાદરૂપે તેનો સ્વાદ માણ્યો. ભોજન વ્યવસ્થિત અને સુગમ રીતે યોજાયું હતું, જેમાં સમાજના સેવાભાવી યુવાનોએ પણ સક્રિય ભાગ લીધો હતો.

આ પાટોત્સવને સફળ બનાવવામાં જે ભક્તો અને આયોજક સમિતિએ શ્રમ અને સમર્પણપૂર્વક યોગદાન આપ્યું છે, તેમનો વાયડા વણિક ટ્રસ્ટ ભરૂચ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

જય વાયુદેવતા ભગવાન ...

**– સંકલન – નીરવ દલાલ**

# શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

## હેલ્થ સપોર્ટ પ્રોગ્રામ HSP ૨૦૨૫-૨૬

વાયડ માતાની જય,

પૂજ્ય કુળદેવી વાયડ માતાની અસીમ કૃપાથી જરૂરિયાતમંદ જ્ઞાતિજનોની સેવા કાજે **હેલ્થ સપોર્ટ પ્રોગ્રામ** HSP **૨૦૨૫–૨૬**, શરૂ કરવા જઈ રહ્યા છીએ. વાયડામિત્રના સબસ્ક્રાઈબર, વાયડા વણિક જ્ઞાતિના ભારતસ્થિત પરિવારોના હયાત/જીવિત મેમ્બર્સના લાભાર્થે આરોગ્ય સેવાઓ અંગે નીચે પ્રમાણે યોજના વિચારેલ છે.

આવેદક પરિવારોના લાભાર્થે જ્ઞાતિ સંસ્થાએ એજ્યુકેશન અને સ્વાસ્થ્ય સહાય અંતર્ગત ફાળવેલ ફંડના વ્યાજની આવક તથા જ્ઞાતિજનોના સંયુક્ત સહયોગ–ડોનેશનથી આ સહાય યોજના શરૂ કરવાની છે. (નિયત સમયગાળા પહેલાં પુરેપુરી સહાયરાશીનો વપરાશ થઈ ગયેથી આ યોજના જે તે સમયે વહેલી બંધ કરી શકાશે.)

**સ્વાસ્થ્ય અંગે કરેલ ખર્ચનો સમયગાળો**

**૧ મે ૨૦૨૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ (૧.૫.૨૦૨૫ થી ૨૮.૨.૨૦૨૬)**

**સહાય રકમ**

આરોગ્ય સારવાર માટે નાણાકીય સહાય રૂ. ૧,૦૦૦/– (રૂપિયા એક હજાર)ના ગુણાંકમાં વધુમાં વધુ રૂ. ૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર) સુધી પ્રતિ આવેદક પરિવાર (ઉપરોક્ત નિયત સમયગાળા માટે જ) ઉપરોક્ત તારીખો વચ્ચે કરવામાં આવતી સૂચિત આરોગ્ય સારવારનો અંશતઃ ખર્ચ દર મહીને શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ દ્વારા તમામ સ્થાનિક વાયડા વણિક સમાજ / મંડળ દ્વારા ભરપાઈ કરવામાં આવશે.

**(વોટ્સએપ દ્વારા) આવેદન /અરજી પત્રમાં**

- તમારું પુરું નામ : શ્રી/શ્રીમતી/કુ. અટક, નામ, પિતાનું નામ, ઉંમર, આધાર નં., પુરું સરનામું, શહેર, પિનકોડ લખી મોકલો.

- ચાલુ વર્ષ ૨૦૨૫ દરમ્યાન તમોને પોસ્ટથી મોકલાવેલ વાયડામિત્રના તમારા અંકના છેલ્લા પાને છાપેલા ગ્રાહક નંબર સાથેનો ફોટો વોટ્સએપથી મોકલવો.
- ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન તથા સ્વાસ્થ્ય સંબંધિત કરેલ ખર્ચના બિલની સ્વ-સહી કરેલી નકલો (તારીખ સાથે મોકલાવો)
- તમારી બેંક વિગતો (બેંકનું નામ, શાખા એકાઉન્ટ નંબર, IFSC / MICR કોડ) આપો. (બાંહેધરી : ઉપરોક્ત અમારી સહાયરાશિ અરજી અંગે અમોએ આપણી કોઈ વાયડા વણિક જ્ઞાતિ સંસ્થા પાસેથી નાણાકીય સહાય મેળવેલ નથી.)

### ક્યાં જમા કરાવવું

આ વિગતો જ્ઞાતિ દ્વારા નિયુક્ત તમારા સ્થાનિક ક્ષેત્ર પ્રતિનિધિ (ALR)ને મોકલો. ALR, દર મહિને અરજીઓ એકત્રિત કરશે, ચકાસશે અને અમોને ફોરવર્ડ કરશે. રજીસ્ટર્ડ સ્થાનિક જ્ઞાતિ મંડળ સભ્યના આવેદન પત્ર પ્રમાણે ALR ચુકવણા રકમનું લિસ્ટ દર મહિનાની છેલ્લી તારીખ પહેલા વોટ્સએપ થકી અમોને મોકલશે.

### : List of ALR :

**સમીરી વાયડા વણિક સમાજ, અમદાવાદ**

શરદભાઈ જે. પરીખ (૮૦૦૦૧ ૧૭૯૨૮)

**અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ અમદાવાદ**

વીજેશભાઈ (નાનુભાઈ) એન. શાહ (૯૮૭૯૦ ૫૩૪૯૯)

**અમદાવાદ વિશા વાયડા વણિક જ્ઞાતિ, અમદાવાદ**

વિક્રમભાઈ બી. શાહ (૭૦૧૬૫ ૦૦૭૬૩)

**વડોદરા દશા અને વિશા વાયડા વણિક જ્ઞાતિ**

હરીશભાઈ જે. શાહ (૯૮૭૯૫ ૦૩૩૬૨)

**મુંબઈ કચ્છી વાયડા વણિક જ્ઞાતિ**

જીતેન્દ્રભાઈ બી. શાહ (૯૮૨૨૬ ૦૦૨૫૬)

**કચ્છ-ભુજ વાયડા વણિક જ્ઞાતિ સમાજો**

જીતેન્દ્રભાઈ બી. શાહ (૯૮૨૨૬ ૦૦૨૫૬)

**પાટણ દશા અને વિશા વાયડા વણિક જ્ઞાતિ**

હરેશભાઈ એમ. પરીખ (૯૯૨૫૦ ૯૭૧૯૭)

**ભરૂચ દશા તથા વિશા વાયડા વણિક પંચ**

વૈભવભાઈ એમ. ચોકસી (૯૮૨૫૦ ૨૩૮૬૦)

**મુંબઈ દશા અને વિશા વાયડા વણિક જ્ઞાતિ સમાજો**

નિમણૂક પેન્ડિગ છે.

જે જ્ઞાતિજનો કોઈ સ્થાનિક મંડળ સાથે જોડાયેલ નથી તેઓ નજીકના સમાજ અથવા મંડળ સાથે મેમ્બરશીપ લઈ શકે છે અથવા સહાય મેળવવા માટેની વ્યવસ્થા બાબતે નીચે જણાવેલ મોબાઈલ નંબરો પર વોટ્સેપ મેસેજથી સંપર્ક કરી શકે છે.

**: સંપર્ક (ફક્ત વોટ્સેપ મેસેજ) :**

કન્વીનર શ્રી ધીરેનભાઈ કે. પરીખ, પ્રેસિડેન્ટ (૯૮૨૫૦ ૦૯૫૧૯)

કોર કમિટી મેમ્બર શ્રી વ્રજેશભાઈ એન. પરીખ, મંત્રી (૯૮૨૫૦ ૯૭૫૭૨)

કોર કમિટી મેમ્બર શ્રી મેહુલભાઈ એસ. શાહ,

સહમંત્રી અને ટ્રેઝરર (૯૬૦૧૯ ૮૭૮૮૪)

**શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ અમદાવાદ**

Address : B-306, Rudra Arcade, Nr. Mayflower Hospital, Helmet circle, Drive-In Road, Ahmedabad-380 028 (Office Contact Mobile : Babubhai - 99744 08460)

**સ્વ. મંજુલાબહેન રસિકલાલ શાહ (કડીવાળા)ના જય શ્રી કૃષ્ણ**

## દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટની સમસ્ત જ્ઞાતિજનો માટે જાહેરાત

સ્વ. દેવીબેન પરીખ તથા સ્વ. ગોકળદાસ કાંતિલાલ પરીખની પુણ્યસ્મૃતિમાં "દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ", અમદાવાદ તરફથી જાહેર કરવામાં આવે છે, જ્ઞાતિના જરૂરિયાતમંદ વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને પ્રતિ વર્ષ ઉચ્ચ શિક્ષણ (Higher Education) (ધોરણ 10 પાસ પછીથી) માટે તેમજ જરૂરિયાત મંદ જ્ઞાતિજનને મેડિકલ સહાય મંજૂર કરવામાં આવશે. તે માટે તેઓ વર્ષ દરમિયાન ગમે ત્યારે એક વખત જ અરજી કરી શકશે. જેઓને આ સહાયની જરૂર જણાય તેઓ વિના સંકોચે અરજી કરી શકશે. ટ્રસ્ટ યોગ્યતાને આધારે અરજી મંજૂર કરશે. આ યોજના મુજબ કોઈ પણ એક વ્યક્તિ/કુટુંબ (વિદ્યાર્થી અને મેડીકલ સહાય બન્ને)ને આવેલ અરજીઓને વાંચીને, નિર્ણય કરીને યોગ્ય રકમ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિની બિમારી લાંબો સમય ચાલે તેવી હોય તો તેવી વ્યક્તિ ફરી આવી અરજી પછીના વર્ષે પણ કરી શકે છે. રાહત માટે બીજી કોઈ સંસ્થામાં અરજી કરી હોય તો તેની વિગત આપવી. **બીલ/રીસીપ્ટની ઝેરોક્ષ નકલ તા. 1-4-2025 થી તા. 31-3-2026 સુધીની તા. 5-4-2026 સુધીમાં જ મોકલવાની રહેશે.** નામંજૂર અરજીઓની ઝેરોક્ષ નકલ પાછી મોકલવામાં આવશે નહીં અને તેના નિર્ણયની વિગત પણ આપવામાં આવશે નહીં. અરજીની વિગતો તથા તે અંગેનો પત્રવ્યવહાર ગુપ્ત રાખવામાં આવશે. અરજદારે અરજીમાં જે તે ગામ/શહેરના જ્ઞાતિના પ્રતિષ્ઠિત વ્યક્તિની સહી તેમજ તેમનું સરનામું, ફોન નંબર જણાવીને અરજી મોકલવાની રહેશે.

**નોંધ :** અરજદારે આપેલા ફોર્મેટ મુજબ અરજી કરવાની રહેશે.

### અરજી મોકલવાનું સરનામું

ઉષાબેન સનતકુમાર પરીખ C/o દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ,
9, દિવ્ય સ્પર્શ વીલા, શાહપુર ક્રોસ રોડ, ગીફટ સીટી સર્કલ, ગાંધીનગર-382355

**ગં. સ્વ. લતાબહેન રમેશચંદ્ર પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ**

(કુરીયરથી મોકલવાનો હોય તો અંજલિ કુરીયરમાં મોકલશો.)

**અરજીનો નમૂનો**

1) અરજદારનું પુરું નામ - અટક સહિત

2) અરજદારનું મૂળ વતન

3) મેડિકલ સહાય/અભ્યાસ માટે

4) હાલમાં અભ્યાસ કરતા હોય તેની માહિતી

5) બીલ/રીસીપ્ટની વિગત કુલ રકમ સાથે જરૂરી છે.

6) અરજદારનો ઘરનો તથા મોબાઈલ નંબર

7) સાક્ષીની સહી, નામ, પુરું સરનામું, ફોન નંબર સહિત

8) તારીખ – – 20

9) અરજદારની સહી

– **ઉષાબેન સનતકુમાર પરીખ** (ટ્રસ્ટી)

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

## કેમ્પ હનુમાન યાત્રા પ્રસંગે ભેટ

1) સ્મિત કિરણકુમાર શાહ તથા વૈશલ રાજેશભાઈ શાહ (છાસ અને પાણી માટે) રૂ. ૧૨,૦૦૦/–

2) ભરતભાઈ ચીમનભાઈ પરીખ રૂ. ૫૦૦૦/–

3) મેહુલભાઈ સુધીરભાઈ શાહ રૂ. ૧૦૦૦/–

**કિરણ એન. શાહ**
(સેક્રેટરી)

## શબ્દ–વ્યૂહ – ૯



**આડી ચાવી :** (૧) ધોડેસવાર, પલટન (૩) બિલકુલ, છેક (૫) ધનધાન્ય વ. ભરી રાખવાની જગા, વખાર, કોઠાર (૭) શાંત પાડવું તે (૮) નાહવાની જગા (૯) રીત, રિવાજ (૧૦) જોખમ ભરેલું કામ (૧૨) લગાતાર, નિરંતર (૧૪) તમાકું, છીંકણી (૧૬) રંગની તીણી રેખા (૧૭) સૈન્ય (૧૮) ધોબી (૧૯) મોટાઈ, પ્રૌઢતા (૨૧) હનુમાન (૨૩) ઓકવું તે, ઉલટી (૨૫) ભોજન (૨૬) ઉધ્ધાર કરનાર (૨૭) આંખની કીકી

કોમેટ ઈન્ડસ્ટ્રીઝ (અમદાવાદ)ના સૌજન્યથી

**ઊભી ચાવી** : (૧) ઝરૂખો (૨) આંખ (૩) બરબાદ, પાયમાલ (૪) સુંવાળું, મુલાયમ (૫) નાશવંત, અસ્થાયી (૬) દયા, કૃપા (૧૦) આખું, સાજુસમું (૧૧) પવન (૧૨) સર્વ, તમામ (૧૩) આંખે આવતા અંધારા (૧૪) બહેરું (૧૫) ભાઈબંધ (૧૯) ખપ, સ્વાર્થ (૨૦) ખુશામત, નવનીત (૨૧) બાધા, આખડી (૨૨) ટીલુ (૨૩) કોઠાર (૨૪) નમસ્કાર

## શબ્દ-વ્યૂહ – ૮ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ચિ | તા | ર | | મ | ધુ | સૂ | દ | ન |
| ગો | ર | સ | | વા | | ગ | મ | ત |
| ટી | | રા | સ | લી | લા | | ડી | |
| | કું | જ | ર | | જ | ર | | હ્ |
| વે | દ | | પા | ર | | વ | લૂ | ર |
| ત | ન | | વ | જ | ન | | | ક |
| ન | | મા | | ક | વા | | લ | ત |
| | ગ | ર | દ | | બ | ર | ડ | |
| જા | મ | ગ | રી | | | મા | ત | મ |

**પરિણામ :**

**બધા ખરા :** (૧) માધવી અને પરીખ અમદાવાદ (૨) પ્રેરણાબેન કે. પરીખ મુંબઈ (૩) દિપકભાઈ દલાલ મુંબઈ (૪) સ્મૃતિ આર. શાહ અમદાવાદ (૫) પ્રતિમા કે. શાહ વડોદરા (૬) પરિમલ એમ. પરીખ અમદાવાદ (૭) નીલા જે. મહેતા મુંબઈ

૧ ભૂલ : (૧) ઉમાકાંતભાઈ જે. પરીખ અમદાવાદ (૨) વિણા ચોકસી ભરૂચ

૨ ભૂલ : (૧) કિર્તીબેન કે. શાહ વડોદરા (૨) અશોકભાઈ આર. પરીખ પાટણ

૩ ભૂલ : (૧) વર્ષા એન. ચોકસી અમદાવાદ (૨) ગીતાબેન પી. શાહ અમદાવાદ (૩) પ્રફૂલબેન જે. શાહ અમદાવાદ (૪) રશ્મિબેન કે. શાહ અમદાવાદ (૫) પ્રીતિ પી. શાહ ભૂજ

૪ ભૂલ : (૧) અરૂણા એન. મહેતા અમદાવાદ (૨) સુધાબેન આર. શાહ અમદાવાદ (૩) નવીનચંદ્ર ડી. ગાંધી ભરૂચ (વડોદરા)

૫ ભૂલ : (૧) દિલિપ આર. પરીખ ભૂજ

**નોંધ :** જવાબો ૨૫ તારીખ સુધીમાં શ્રી સુધીરભાઈ પી. શાહને મોબાઈલ : (૧) ૯૭૨૬૦ ૪૦૨૬૨ અથવા (૨) ૮૭૫૮૩ ૩૪૩૪૭ પર મોકલી આપવા. બપોરે ૧.૦૦ થી ૪.૦૦ સિવાય ના સમયે ફોન કરવો.

## ભેટ

સહર્ષ જણાવવાનું કે ચૈત્ર સુદ –૬ તા. ૩–૪–૨૦૨૫ ગુરુવારના હવનના શુભ દીવસે, શ્રી વાયુ દેવતા મંદીર, વડોદરાને નીચે મુજબની રકમ અખંડ દીવાના ઘી માટે પ્રાપ્ત થયેલ છે.

(૧) રૂ. ૧૧,૦૦૦/– ભાનુમતિબેન કલ્યાણદાસ શાહ મુંબઈ તરફથી

(૨) રૂ. ૧૧,૦૦૫/– શ્રી નરેન્દ્રભાઈ હિરાલાલ શાહ વડોદરા તરફથી

આભાર સહ તેઓની સેવાનો સ્વીકાર છે.

**શ્રી વાયુદેવતા મંદીર વડોદરા**

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮**

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

**લગ્ન**

અમદાવાદ : મૂળ કડીના શ્રી હરેનભાઈ કાંતિલાલ પરીખનાં સુપુત્રી ચિ. હેત્વીના શુભ લગ્ન અમદાવાદ નિવાસી શ્રી સંદીપભાઈ હસમુખલાલ શાહનાં સુપુત્ર ચિ. પાર્થ સાથે તા. ૧૯-૧-૨૦૨૫નાં રોજ થયેલ છે.
(આ પ્રસંગે શ્રી હરેનભાઈ તરફથી વાયડામિત્રને રૂ. ૧૫,૦૦૦/- ભેટ આપેલ છે.)

**અવસાન**

ભરુચ : વર્ષાબેન પિયુષભાઈ પરીખ, ઉ. વર્ષ ૭૪, તા. ૩૦-૩-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ થયાં છે.

**આભાર**

સ્વ. શ્રી સુનિલભાઈ રસિકલાલ શાહની પુણ્યસ્મૃતિમાં તેમના પરિવાર તરફથી વાયડામિત્રને રૂ ૧૫,૦૦૦/-ની ભેટ મળેલ છે. વાયડામિત્ર કાર્યાલય તેમના પરિવારનો આભાર વ્યક્ત કરે છે.

–તંત્રી

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
**Pharmaceutical Company**
**Since 2007**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai - Kokilaben Parikh**
**Harshul - Alpa, Mrugesh - Ratna**
**Bhrita - Aakar Choksi**
**Darsh - Ankita, Parita, Darshil,**
**Bakul - Nita Dalal**
**Meera - David Burns**
**Chinmay - Natasha Dalal**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Registered under Postal Registration No. MEH-296 પ્રકાશન ૧૦/૫/૨૦૨૫



**ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર**

**તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ**

**મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,**
**અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫**

**PRINTED BOOK MAY 2025**

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh